Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ.૨૦ મું. સં.૧૯૬૦
અંક ૪ થો. અષાડ.

# જૈનધર્મ પ્રકાશ.

शिखरिणीवृत्तम्.

धर्मं द्रव्यं दिव्यं जिनवचनमध्यात्ममखिलं ।
क्रियाकाण्डं चैवं रचितमनघो शुभफलकृत् ॥
तपस्त्रियं तत्त्वं चरणमपि वीर्यं चिरतरं ।
नचोक्तिते भावस्तु ... समर्थकृत्सम् ॥ १ ॥

प्रगट कर्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका


| | | |
|---|---|---|
| ૧ | માનવ શિક્ષા. | ૭૩ |
| ૨ | જૈનોની ઉન્નતિ સંબંધી વિચારણા. | ૭૫ |
| ૩ | દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, અને સાધારણ દ્રવ્ય વિચાર. | ૮૨ |
| ૪ | કોન્ફરન્સ સંબંધે અગત્યની સૂચના. | ૮૭ |
| ૫ | વર્તમાન સમાચાર. | ૯૦ |
| ૬ | જૈનમત સમીક્ષા સંબંધી દીલ્હીમાં ચાલતો કેસ. | ૯૪ |


અમદાવાદ
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ" માં
નથુભાઇ રતનચંદ મારફતીઆએ છાપ્યું.
વીર સંવત ૨૪૩૦ શાકે ૧૮૨૬ સને ૧૯૦૪
વાર્ષિક મુલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનિયું રખડતું મુકીને આશાતના કરવી નહી.

ગયા વર્ષની ભેટ.

## રત્નશેખર રાજા ને રત્નવતી રાણીની કથા.

લવાજમ મોકલનારા ગ્રાહકોને આ બુક મોકલાવી દીધી છે. સભાસદોના સંબંધમાં પણ જેમની ફી આવેલી તેમને મોકલાવી છે. લવાજમ મોકલ્યા છતાં બુક ન પહોંચી હોય તો તેમણે પત્ર લખીને મંગાવી લેવી. લવાજમ મોકલવામાં પ્રમાદ કરનારને બુક નવા વર્ષના લવાજમ સહીત પાછલું લવાજમ મોકલશે તો તરત મોકલવામાં આવશે. વેલ્યુપેબલથી મોકલવા લખશે તો તેમ કરવામાં આવશે તેમાં માત્ર એક આનોજ વધારે લાગશે. ખરીદ કરવા ઇચ્છનાર માટે કિંમત ૪ આના.

## ખાસ વિજ્ઞપ્તિ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર-સદરહુ આખો ગ્રંથ સાત વિભાગે અમારા તરફથી બાહાર પાડવામાં આવેલ છે. તેમાંના પ્રથમના પાંચ વિભાગ બીલકુલ વિનાશ પામ્યા છે, તે ફરીને છપાવવાનું હાલમાં શરૂ કરેલું છે તો તેમાં કોઇ પણ પ્રકારની ગફલત યા ભૂલ કોઈ પણ મુનિરાજના કે વિદ્વાન જૈન બંધુઓના લક્ષમાં આવેલ હોય તો તેમણે તરતમાં તેવા ખબર આપવા કૃપા કરવી જેથી તે પ્રમાણે સુધારીને છાપવામાં આવે. હાલ ભુલ સુધારવાનો અવકાશ છે તો તે સુજ્ઞ જૈનોએ જતી ન કરવા વિજ્ઞપ્તિ છે. તંત્રી.

## પોસહ વિધિ.

આ બુક પણ ફરીને છપાવવાની છે કારણ કે બીલકુલ થઇ રહેલ છે તો તેની અંદર કાંઇ ફેરફાર કરવા લાયક હોય તો તે લખી મોકલાવવું. પોસહાદિ નિરંતર કરવાની ટેવવાળાએ આ બાબતપર ચોકસ ધ્યાન આપવું. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુક્ત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૨૦ મું. શાકે ૧૮૨૬ સં. ૧૯૬૦ અષાડ. અંક ૪ થો.


## मानव शिक्षा.

(ભુજંગી છંદ.)

અરે માનવી તું જરા જો વિચારી,
કર્યું કામ તેં શું અરે જન્મ ધારી;
ત્હને ખોટી જંજાળ ઝાઝી ગમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૧

હતો જે દિને માતના ગર્ભમાં તું,
વિભૂના વિના કોણ ત્યાં સહાય થાતું;
કૃતઘ્ની થઈ કષ્ટ કેવાં ખમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૨

જુવાની વિષે જુવતીમાં વિરામ્યો,
પ્રભુ ભક્તિનો લેશ ના લેશ પામ્યો,

For Private And Personal Use Only

રસીલો થઇ રંગમાં શું રમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૩

ફરી જો નિહાળે જરા જ્ઞાન જોડી,
ખરે સ્વપ્ન સંસાર આયુષ થોડી;
અરે તું સદા ભાન છોડી ભમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૪

ઘણા માનને વિત્તના સ્વાદ ચાખ્યા,
પ્રભુતા મળી કે પ્રભુ દૂર રાખ્યા;
મદાંધી થઇ માનુનીમાં રમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૫

અરે શીર તારે ભમે કાળ કાળો,
જવાનું થશે આંખીં રાખ્યા ઉચાળો;
કરી કામ કૂડાં ખરાબી પામે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૬

અરે વૃદ્ધ દેહે પ્રભુ ના ભજાયે,
ડગે શીર ને કાયને દુઃખ થાયે,
વપુએ તદા શ્વાસ કાસો દમે છે,
ઘણો ગર્વ રાખી સદા શું ભમે છે. ૭

ખરેખાત સંસારનો ખેલ ખોટો,
કહે વાર શી ફૂટતાં નીર પોટો;
બતાવે રૂડી **નેણસી સૂત** રીતી,
પ્રભુ ભક્તિ રાખી ધરો શુદ્ધ નીતી. ૮

વલભદાસ વિ. નેણસી મહેતા.

મોરબી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनोनी उन्नति संबंधी विचारणा.

આધુનિક સમયમાં દરેક વર્ગ પોતપોતાની જાતિની, ધર્મની, સમાજની યા સમુદાયની ઉન્નતિ ઇચ્છે છે. અને તેને માટે અનેક પ્રકારના ઉપાયો લેવામાં આવે છે. કોઇ દ્રવ્યોપાર્જનમાં આગળ વધવા ઇચ્છે છે, કોઇ વિદ્યા મેળવવામાં આગળ વધવા વાંચ્છે છે, કોઇ અધિકાર કે ડીગ્રી મેળવનારાની સંખ્યા વધારવા ઇચ્છે છે, કોઇ સ્ત્રીઓને કેળવણી આપી સંસાર સુધારવા યત્ન કરે છે, કોઇ બાળલગ્ન અને વૃદ્ધવિવાહ અટકાવવા ઇચ્છે છે, કોઇ પુનર્લગ્ન કરવાવડેજ સામાજિક ઉન્નતિ થવાનું કહે છે, કોઇ સર્વની સાથે ખાવા પીવાના વ્યવહારની છુટ રાખી બાહ્યચારામાં વધારો કરવાથીજ શ્રેય થવાનું કહે છે, કોઇ પરદેશ ગમન કરવાવડેજ સ્થિતિમાં સુધારણા થવાનું સિદ્ધ કરે છે, કોઇ ખાવા પીવા વિગેરેની નાની મોટી અટકાયતોનેજ ઉન્નતિમાં આડે આવનાર ગણી તેને કાઢી નાખવા કહે છે, કોઇ ઇંગ્રેજી કેળવણીનેજ ઉન્નતિના પરમ આધારભૂત ગણે છે, કોઇ તે કેળવણીનેજ શ્રદ્ધા ભ્રષ્ટ થવાના સાધનભૂત લેખવે છે, કોઇ અન્યમતોના ખંડનમાંજ સ્વધર્મની વૃદ્ધિ માને છે અને કોઇ આત્મગુણની વૃદ્ધિનેજ ખરી ઊન્નતિ તરિકે માન્ય રાખે છે. ઇત્યાદિ અનેક પ્રકારો બુદ્ધિના ભેદથી ઊન્નતિના પૂર્વરૂપ તરિકે તેમજ ઊન્નતિ તરિકે કહેવામાં-માનવામાં આવે છે તેમજ તેને અનુસરતો પ્રયત્ન પણ કરવામાં આવે છે. અહીંઆં ખરી ઊન્નતિ કોને કહેવી તેજ વિચારવાનો વિષય છે, કારણકે કેટલીક વખત સમજફેરના કારણથી ઊન્નતિ તરીકે અવનતિને ગણવામાં આવે છે અને તે પ્રકારનો પ્રયત્ન કરવાથી ઊન્નતિને બદલે પરિણામે અવનતિ થાય છે.

અત્ર સામાન્ય ઉન્નતિ અવનતિનો વિચાર કરવાનો નથી, કારણકે સાધ્યભેદે સાધનોમાં જેમ ભેદ પડે છે તેમ ઊન્નતિના સાધકો પરત્વે સાધ્ય પણ પૃથક્ પૃથક્ હોય છે. અહીં તો આપણે જૈનધર્મી હોવાથી શ્રી જિનેશ્વર ભાષિત ધર્મની તેમજ તે ધર્મના પાળનારા જૈનધર્મીઓની ઊન્નતિ કેમ થાય તેજ વિચારવાનો વિષય છે. મુખ્યવૃત્તિએ તો ધર્મની ઊન્નતિ તેજ ધર્મીઓની ઊન્નતિ હોય છે, કારણકે ધર્મ અને ધર્મીઓનું અભેદપણું છે. ધર્મી કરતાં પૃથક્ ધર્મ જેવી વસ્તુ હોતી નથી. ત્યારે જે પ્રકારવડે જૈન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મની ઉન્નતિ થાય તે પ્રકારવડેજ જૈનધર્મીઓની પણ ઉન્નતિ થઇ શકે એમ સિદ્ધ થાય છે, તો પણ જૈનધર્મીઓની ઉન્નતિમાં સાંસારિક ઉન્નતિ, વ્યાવહારિક ઉન્નતિ, આર્થિક ઉન્નતિ અને ધાર્મિક ઉન્નતિ એવા ભેદ પડે છે; તે ભેદ જૈનધર્મની ઉન્નતિમાં પડી શકતા નથી. તેથી પ્રથમ જૈનધર્મીઓની ઉન્નતિના પૂર્વોક્ત પ્રકારોનું યથામતિ પૃથક્કરણ કરીએ.

આધુનિક સમયમાં આપણી ઉન્નતિ કેમ થાય? તેનો વિચાર વૃદ્ધ જનો તો ભાગ્યે કરતા હોય તેવું દૃષ્ટિએ પડતું નથી, તેઓ તો જે થાય તે જોયા કરવાનુંજ માની બેઠેલા જણાય છે. તે શિવાયનો યુવાન વર્ગ આપણી ઉન્નતિ કેમ થાય? તેનો વિચાર કરે છે અને પ્રયત્ન પણ કરે છે; પરંતુ જૈનશાસ્ત્રાનુસાર વાસ્તવિક ઉન્નતિને ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય તેમ જણાતું નથી. તેથી તેમાંનો બહોળો ભાગ પૂર્વે કહેલા પ્રકારોમાંથી અનેક પ્રકારોને ઉન્નતિના સાધન તરિકે માની તેને માટે બનતો પ્રયાસ કરે છે.

આ સંબંધમાં પ્રથમ તો આપણે કોની ઉન્નતિ કરવાની છે તેનો વિચાર કરવાની જરૂર છે અને તેમાં એટલું તો ચોકસ યાદ રાખવાનું છે કે જૈનધર્મની ઉન્નતિવડે જૈનધર્મીઓની ઉન્નતિ થાય, પણ જૈનધર્મની અવનતિના કારણોવડે તો જૈનધર્મીઓની ઉન્નતિ નજ થાય.

જ્યારે આ વિચારણા કરીએ છીએ ત્યારે પ્રથમ જૈનધર્મના સ્વરૂપને ઓળખવાની જરૂર પડે છે. જ્યાંસુધી તેનું સ્વરૂપજ ઓળખવામાં ન આવે ત્યાંસુધી તેની ઉન્નતિ કેમ થાય? એ ક્યાંથી ઓળખી શકાય? અને તેવી સ્થિતિમાં રહીને જે પ્રયત્ન કરવામાં આવે તે પ્રયત્નથી ઉન્નતિ કરતાં અવનતિ થવાનોજ વધારે સંભવ રહે.

જૈનધર્મનું સ્વરૂપ ઘણું બારિક છે અને હાલના યુવાનો બહોળે ભાગે તેના સ્વરૂપથી અજ્ઞાત હોય તેમ દૃષ્ટિએ પડે છે; તેથી મધ્યસ્થ દૃષ્ટિએ જોતાં માત્ર આર્થિક યા સાંસારિક ઉન્નતિનેજ ધાર્મિક ઉન્નતિ તરીકે લેખવવામાં આવે છે અને તેને માટે તદ્યોગ્ય અનેક પ્રકારના પ્રયાસો કરવામાં આવે છે તેમજ વિચારો બતાવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનમતનું મુખ્ય સાધ્ય આત્મિક ઊન્નતિ કરવાનું, આત્માને કર્મમળ રહિત કરવાનું, આત્માને સ્વગુણની પ્રાપ્તિ કરાવવાનું, અને આત્માને કર્મ વિમુક્ત કરી મોક્ષ પ્રાપ્ત કરવાનું છે. તેથી તેના અનુયાયીઓની ઊન્નતિ માટે જે પ્રયત્ન કરવામાં આવે તે મુખ્ય સાધ્ય તરફ દૃષ્ટિ રાખી તેને હાની ન પહોંચે-લાભ ઓછો થાય કે વધનો થાય તેની અડચણ નહીં, પણ નુકશાની તો નજ થાય તેવા પ્રકારનો કરવો જોઇએ. આ હકીકત "જૈનધર્મ" એ શબ્દની સાથેના જોડાણને અંગે લક્ષપર લાવવાની જરૂર છે. બાકી તે શબ્દનું જોડાણ જો કરવામાં ન આવે તો પછી ભલે ગમે તે પ્રકારનો પ્રયત્ન કરવામાં આવે તેને માટે કાંઇ આક્ષેપ કરવાની કે લખવાની અત્ર જરૂર નથી.

આટલા ટુંકા વિચાર ઉપરથી પણ એમ તો સુજ્ઞ વાંચકોના લક્ષમાં આવ્યું હશે કે જે પ્રયત્નવડે આત્મા કર્મથી ભારે થાય, દુર્ગતિગમનના સાધનમાં વધારો થાય અને ભવશ્રેણી વિસ્તૃત થાય તેવું કોઇપણ સાધન જૈનધર્મ કે જૈનધર્મીઓની ઉન્નતિનું ન ગણાય પણ અવનતિનું ગણાય. અત્ર એટલી વિચારણા કરવાની જરૂર છે કે સંસારમાં રહેલા જીવો સાંસારિક કાર્યોમાં પ્રવર્તવાથી કર્મવડે ભારે તો થયાજ કરે છે ત્યારે પછી જૈનધર્મની ઉન્નતિ કરવામાં તો સાંસારિક કાર્ય માત્ર છોડી દેવાં પડે, તે તો બનેજ કેમ, ત્યારે શું કરવું? આનો ઉત્તર એ છે કે દરેક બાબતમાં લાભ-તોટાની ગણત્રી કરવાની છે; વ્યાપારીઓ લાખો ને હજારો રૂપીઆનો ખર્ચ તે કરતાં વધારે આવકના કારણસર કરે છે, તેથી સૂક્ષ્મ બુદ્ધિવડે સાંસારિક દરેક કાર્યમાં લાભ તોટાની વિચારણા કરવાની જરૂર છે, એવી વિચારણા કરનાર આત્મા પ્રાયે કર્મથી ભારે થતા નથી, પણ અહર્નિશ પરસ્પર બાધા પમાડ્યા શિવાય ધર્મ, અર્થ ને કામ-એ ત્રણે વર્ગ સાધ્યા કરે છે. માર્ગાનુસારીની સ્થિતિમાંજ આ ગુણ અને તે સાથે **આયતો વ્યય** એટલે આવકના પ્રમાણમાં ખર્ચ રાખવા રૂપ બીજો ગુણ કહેલો છે. જેમાં દ્રવ્ય સંબંધી આવકના પ્રમાણમાં ખર્ચ કરવાના વિચારની સાથે કર્મના સંબંધમાં પણ આય વ્યયનો વિચાર કરવાની જરૂર છે. જો એ વિચાર કરવામાં આવે અને તેને અનુસરીને સાંસારિક કોઇપણ પ્રકારનું વર્તન રાખવામાં આવે તોપછી પૂર્વે કરેલી શંકાનું સ્વતઃ સમાધાન થઈ શકે છે, જેથી શંકા ઉઠાવવાનું કારણ રહેતું નથી.

હવે પ્રથમ કહેલી જૈનધર્મીઓની જુદા જુદા પ્રકારની ઉન્નતિ સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરીએ. જૈનધર્માઓની સાંસારિક ઉન્નતિ થવા માટે બાળલગ્ન બંધ થવાની જરૂર છે, વૃદ્ધવિવાહ અટકાવવાની આવશ્યકતા છે, સ્ત્રી કેળવણીમાં વૃદ્ધિ કરવાની જરૂર છે, ખાવા પીવાના સંબંધમાં આચારની વિશુદ્ધિ વધારવા યોગ્ય છે, મૃત્યુ પાછળની જમણવારો અટકાવવા યોગ્ય છે, અને બાળકોને કેળવણીના સંબંધમાં જેમ બને તેમ આગળ વધારવાની આવશ્યક્તા છે. આ અને બુદ્ધિમાન્ મગજમાંથી નીકળતા બીજા શુભ વિચારો અમલમાં મૂકવાથી આપણી સાંસારિક ઉન્નતિ થવાની પરિપૂર્ણ ખાત્રી છે.

વ્યવહારિક ઉન્નતિનો બહોળો સંબંધ સાંસારિક ઉન્નતિ સાથે છે, તેથી ઉપર લખેલી બાબતોના સંબંધમાં પ્રયત્ન કરવો તે વ્યવહારિક ઉન્નતિનું એક અંગ છે. તે સાથે પ્રમાણિકપણાથી, સત્યતા જાળવીને અત્યંત તૃષ્ણાને તજી દઇને, લોભવૃત્તિને હદમાં રાખીને શ્રાવકવર્ગને યોગ્ય કહેવાતા વ્યાપારો કરવા અથવા ખાસ પાપ વ્યાપારવાળા શિવાય બીજા વ્યાપારીઓની નોકરી કરવી તેમજ પોલીસ, જેલર તેમજ લશ્કરી ખાતા વિગેરેની નોકરી તજી દઇને તે શિવાયની બીજી સરકારી યા દરબારી નોકરી કરવી વિગેરે અનેક બાબતોવડે વ્યવહારિક ઉન્નતિ થઇ શકે તેમ છે. આ ઉન્નતિની અંદર ઉંચા પ્રકારની ડીગ્રીઓ મેળવીને કોઇ દેશી રાજ્યમાં સારા હોદ્દેદાર થવું અથવા સરકારી નોકરીમાં ઉંચા હોદ્દા મેળવવા, તેનો પણ સમાવેશ સમજવો.

આર્થિક ઉન્નતિ એટલે જૈનવર્ગ વધારે દ્રવ્યવાન્ થાય અને તમામ જૈનબંધુઓ સુખે સુખે આજીવિકા સંપાદન કરે તે. આ ઉન્નતિનો ઉપરની ઉન્નતિ સાથે ખાસ સંબંધ છે. દ્રવ્ય સંબંધી સ્થિતિમાં જૈનવર્ગને ઉંચે લાવવા માટે જૈનવર્ગમાં વ્યાપાર વૃદ્ધિ થવાની, કેળવણીમાં આગળ વધી સોલીસીટર, બારીસ્ટર, ડાક્ટર, સીવીલીયન વિગેરેની સંખ્યામાં વધારો થવાની, ઉંચા હોદ્દેદારો થઇ અનેક જૈનબંધુઓ તરફ મીઠી દ્રષ્ટિ કરવાની અને વ્યાપારનાં મોટાં દ્વાર ખોલવાની આવશ્યકતા છે; પરંતુ તે બધી બાબતમાં મહા પાપનાં કારણોને રોકવાની, શ્રદ્ધાભ્રષ્ટ થતા બચવાની, આચાર વિચારથી ભ્રષ્ટ ન થવાની, અભક્ષ્ય ભક્ષણથી પાછા ઓસરવાની, ન્યાયોપાર્જિત દ્રવ્ય મેળવવા તરફ ખાસ ધ્યાન રાખવાની અને મહા આરંભવાળા કર્માદાનોના વ્યાપારો તજી દેવાની ખાસ જરૂર છે; કોઇપણ પ્રકારના અન્યાયવડે કે મહા પાપનાં કારણોવડે ગમે તેટલી લક્ષ્મી મેળવાય તોપણ તેથી જૈનધર્માઓની આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થિક ઉન્નતિ ગણી શકાય તેમ નથી. કારણ કે જૈન શાસ્ત્રાધારે અન્યાયોપાર્જિત દ્રવ્યની તો માર્ગાનુસારીની સ્થિતિજ સાધ્યતા દૃષ્ટિગત થાય છે તેમજ મહા આરંભના કર્માદાનજન્ય વ્યાપારોવડે કદી લાખોગમે દ્રવ્ય મેળવી શકાતું હોય તે કરતાં શ્રાવકને કરવા યોગ્ય વ્યાપારવડે સુખે સુખે આજીવિકા ચલાવવા જેટલું મળે તોપણ તે શ્રેય છે, એમ સ્પષ્ટ નીકળી શકે છે. દ્રવ્યવાન્ વધવાથી એટલે કે ગમે તે પ્રકારે દ્રવ્ય મેળવીને લક્ષાધિપતિ કે ક્રોડાધિપતિની સંખ્યા વધવાથી જૈનધર્મ કે જૈનધર્મીઓ ઉંચી સ્થિતિએ આવ્યાનું સમજાતું હોય તો તે સમજવામાં ભૂલ થાય છે, કારણ કે જૈનશાસ્ત્ર અર્થને અનર્થ મૂળક કહે છે એટલુંજ નહીં પણ તેને જડતા સંપાદક માને છે, છતાં જેઓ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરે છે અને તેનો સમજ પૂર્વક સન્માર્ગે વ્યય કરે છે તેને માટે અર્થ તેવા પ્રકારની હાનીકારક થતું નથી. વળી જૈન શાસ્ત્રકારે જણાવેલી શૈલીમાં એક એવી ગૂઢ બાબત પણ સમાયેલી છે કે ન્યાયયુક્ત વ્યાપાર કરનારનું લાભાંતરાયકર્મ તુટે છે અને તેથી સંતોષવૃત્તિ છતાં પણ સ્વલ્પ પ્રયાસે પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે અને પ્રાયે સન્માર્ગે વ્યય પણ ન્યાયોપાર્જિત દ્રવ્યનોજ થઇ શકે છે. અન્યાયે મેળવેલ દ્રવ્ય તો પ્રાયે અયોગ્ય કાર્યોમાંજ વપરાય છે અને કદી દેખાતા સન્માર્ગમાં વપરાય છે તો તેમાં અભિમાન દશાનીજ મુખ્યતા હોય છે. તેથી જૈનબંધુઓની આર્થિક ઉન્નતિ થવા માટે ઉપર જણાવેલા વિચારો કરવાની અને તેને અમલમાં મૂકવાની આવશ્યક્તા છે.

ધાર્મિક ઉન્નતિના સાધનમાં મુખ્યપણે તો જે જે પ્રકારે વિષય કષાયની મંદતા થાય તેવા કારણો જોડવાની જરૂર છે, અને ગૌણપણે ઉપર બતાવેલી ત્રણે પ્રકારની ઉન્નતિના સાધનો સેવવા યોગ્ય છે. ધાર્મિક ઉન્નતિના ઇચ્છકે ધર્મ સંબંધી કાનુનોને બાધક ન આવે તેવી રીતે પોતે વર્તવું જોઇએ અને બીજાઓને તે પ્રમાણે વર્તાવવા માટે બનતો પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ આ પ્રમાણે ઉન્નતિના ઇચ્છકે કોઇપણ બાબત એવી ગ્રહણ કરવી ન જોઇએ કે જે બાબતથી સર્વજ્ઞ ભાષિત કાનુનોને બાધક આવે. અર્થાત્ જે જે કાર્યમાં વિષયકષાયની વૃદ્ધિ થાય એટલે કે આત્મા પાંચ ઇંદ્રિયોના વિષયમાં વિશેષ લુબ્ધ થાય એવા કારણો પોતાને માટે કે પરને માટે જોડવા-મેળવવા ન જોઇએ; તેમજ ક્રોધ, માન, માયા કે લોભની વૃદ્ધિ થાય તેને વિશેષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોરાક મળે, તેઓ પ્રદિપ્ત થાય એવા કારણો પણ જોડવા-મેળવવા ન જોઈએ. આખા દિવસમાં જે જે કાર્ય પ્રસંગ પ્રાપ્ત થાય અથવા પ્રાપ્ત થવાનો આગાહી મળે તે દરેક પ્રસંગમાં ધાર્મિક ઉન્નતિના ઇચ્છકે બારીક દૃષ્ટિદ્વારા (તત્વદૃષ્ટિ) વડે તે તે કાર્યમાં વિષય અને કષાયની વૃદ્ધિ થાય તેમ છે કે હાનિ થાય તેમ છે તેનો વિચાર કરવો અને જો વૃદ્ધિ થવાનો કિંચિત્ પણ સંભવ જણાય તો તેમાં પ્રવૃત્તિ ન કરવી અને હાનીનો સંભવ જણાય તો પ્રવૃત્તિ કરવી. તેવી રીતે પ્રવૃત્તિ કરતાં કરતાં પણ જો મધ્યમાં પાછી વિષય કષાયની વૃદ્ધિ થતી માલમ પડે તો તે કાર્યને ત્યજી દેવું. આ સ્થિતિ બહુ ઉંચા પ્રકારની છે. તેવી દૃષ્ટિ, તેવી વિચારણા ને તેવી પ્રવૃત્તિ અતિ મુશ્કેલ છે. પરંતુ ધાર્મિક ઉન્નતિના ઇચ્છકનું સાધ્ય તો એજ હોવું જોઈએ. આ બાબત બહુ પ્રકારે વિચારણીય છે.

ઉપર જણાવેલ વિચારણા ઉપરથી બુદ્ધિમાન્ જનો સહજે સમજી શકશે કે આપણી ઊન્નતિ કરવાનું કહેવું સહેલું છે, પણ કરવું-થવું બહુજ મુશ્કેલ છે. તે સાથે એમ પણ લક્ષગત થશે કે કેટલીક વખત ઊન્નતિના વાસ્તવિક સ્વરૂપને નહીં સમજવાથી આપણે પણ જેમાં આપણી વાસ્તવિક ઊન્નતિ ન હોય તેવા કારણોને ઊન્નતિકારક સમજી તેમાં પ્રવૃત્તિ કરીએ છીએ અને કરાવીએ છીએ.

આ વિષય બહુ ગંભીર છે. વળી આ વિષયમાં પાડેલા ભેદથી જુદા પ્રકારના ભેદ પણ પડી શકે તેમ છે અને ઉપર દરેક પ્રકારની ઉન્નતિના સાધનો જે બતાવ્યાછે તેનો જુદા જુદા પ્રકારમાં બુદ્ધિ અનુસાર સમાવેશ થઇ શકે તેમ છે, પરંતુ એવો કોઇ પણ પ્રકાર લભ્ય થઇ શકે તેમ નથી કે જે અહીં ઊન્નતિકારક બતાવ્યો હોય છતાં અવનતિકારક હોય અને તેનાથી વિપરીત પ્રકાર ઊન્નતિકારક હોય.

આ પ્રમાણે આ લેખના લેખકનું માનવું છે છતાં તેમાં અવાંતર યા મુખ્ય કાંઇ પણ ભૂલ થતી હોય તો સુજ્ઞ જૈનબંધુઓ સારા આધાર સાથે તે લખી મોકલાવશે તો પોતાના વિચાર ફેરવવામાં આ લેખકને કિંચિત્ પણ આગ્રહ નથી. માત્ર આપણી ઊન્નતિના ખરા સ્વરૂપની આ લેખદ્વારા તેમજ તે ઉપર વિવેચન થઇને જે નિર્ણય થાય તે દ્વારા સર્વ જૈનબંધુઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયમાં સત્યપણે પ્રતિભાસ કરવાનોજ હેતુ છે. આશા છે કે વિદ્વાન્ જૈન લેખકોની કરાયેલી કલમ આ સંબંધમાં ગતિ કરશે અને તેથી આ લેખકની ધારણા ફળિભૂત થશે.

તથાસ્તુ.

# देवद्रव्य, ज्ञानद्रव्य अने साधारण द्रव्य विचार.

દેવેંદ્ર, નરેંદ્ર અને યોગીંદ્ર સેવિત જગત્પૂજ્ય શ્રી જિનેશ્વરદેવની ભક્તિ પ્રભાવના અર્થે નિર્માણ કરેલું કે નિર્માણ થયેલું દ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય છે. ઉક્ત દેવદ્રવ્ય જ્ઞાન દર્શનાદિક ગુણોની પ્રભાવના કરનાર મહિમા વધારનાર હોવાથી સર્વેથી મુખ્ય ગણાય છે તેમજ તેનું ન્યાયથી રક્ષણ કે વૃદ્ધિ કરનારને ઘણુંજ ફળ બતાવ્યું છે. અર્થાત્ શાસ્ત્રનીતિ સમજી વિવેકથી જ્યાં વાવરવાની જરૂર દેખાય ત્યાં ઉદાર દીલથી ખોટો મમત્વ નહિ રાખી વાવરવાનો ઉપયોગ પૂર્વક રક્ષણ કરનાર તેમજ શાસ્ત્રનીતિને અનુસરીનેજ ન્યાયથી અને વિવેકથી તેની વૃદ્ધિ કરનાર ઘણુંજ ફળ-યાવત્ તીર્થંકરપણું પણ ઉપાર્જે છે. પરંતુ ઉલટી રીતે એટલે શાસ્ત્રનીતિ વિરૂદ્ધ વર્તી અર્થાત્ અન્યાય અને અવિવેકથી એટલે દેવદ્રવ્યપર ખોટો મમત્વ ધારી તેને ઉચિત સ્થાને પણ નહિં વાપરતો અથવા નહિં વાપરવા આપતો તેને કૃપણની પેરે ભૂમિ આદિકમાં સંગ્રહી રાખતો, તેમજ વાપરવા યોગ્ય સ્થળે પણ કૃપણ દોષથી જોઇએ તેમ તેટલું પણ વિવેકથી નહિં વાપરતો અથવાતો બેદરકારીથી તેનો ગેરઉપયોગ કરતો અથવા કરવા દેતો અર્થાત્ ઉડાવતો તે દેવદ્રવ્યને સાચવતો છતો કે શાસ્ત્ર વિરૂદ્ધ નીતિથી (જેમ મહા આરંભાદિકની વૃદ્ધિ થાય અથવા તે દ્રવ્યનો વિનાશ થાય તેમ તેવાને વ્યાજે કે અંગઉધાર ધીરી) ઉક્ત દેવદ્રવ્યની વૃદ્ધિ કરનાર ઉલટો સંસાર ભ્રમણજ કરે. તાત્પર્ય કે દેવદ્રવ્યનું રક્ષણ કરનાર કે તેની વૃદ્ધિ કરનાર શાસ્ત્ર ન્યાય-નીતિમાં નિપુણ અને પ્રમાદ રહિત તે પ્રમાણેજ વર્તવાવાળો જોઇએ. તેવા ચકોર પુરૂષથી તે દેવદ્રવ્યની ધારેલી નેમ-જ્ઞાન દર્શનાદિ ગુણોનો મહિમા વધારવારૂપ-પાર પડી શકે છે પણ બીજાથી પડતી નથી. માટે બનતા સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા પુરૂષરત્નને શોધી કાઢી તેવાનેજ તેવો અધિકાર સોંપવો જોઇએ. તે પુરૂષ ન મળે તો જે સામાન્ય રીતે પણ વ્યવહાર કુશળ, નીતિપ્રિય, લોકપ્રિ સાથે શ્રદ્ધા વિવેકથી શોભતો હોય તેમજ અત્યંત ભવભીરૂ હોય તેનાને ઉક્ત દ્રવ્યની વ્યવસ્થા કરવા ભલામણ કરવી. સદ્હું માણસે પણ જેમ બ તેમ શીઘ્ર તે દેવદ્રવ્યાદિક સંબંધી શાસ્ત્રનીતિ જાણવા જ્ઞાની પુરૂષોનો આશ્ર લઇ ખપ કરવો જેથી પોતાને અને સંબંધીજનોને બાધ આવે નહિ. બન સુધી તેવા કામમાં સદ્હું માણસની સહાયમાં એક કરતાં વધારે માણસે ઉ રહેવું. તેમજ સદ્હું માણસે પણ સહાય આપનારની સંમતિ મેળવીને કા કરવું. નહિ તો ક્વચિત્ સ્ખલના થવાથી મોટા દુઃખનું કારણ થાય. નિઃશુ પરિણામી શ્રદ્ધા અને વિવેકહીન ન્યાયનીતિ કે લોક વિરૂદ્ધ વર્તનારા કોઇપ ઉદ્દંડને ઉક્ત અધિકાર આપવો નહિ. તેવા અનધિકારીને સોંપવાથી તેને અ સોંપનાર સર્વેને ભારે નુકશાન થાય છે અને ઉત્તમ દેવદ્રવ્યનો ગેર ઉપયોગ વિનાશ થાય છે. સદ્હું દેવ દ્રવ્યનો વિનાશ કે ઉપેક્ષા કરનારને, ભક્ષણ કરનાર તેમજ તેમાં દાક્ષિણ્યતાથી પણ સામેલ રહેનારને અનંત સંસાર રઝળવો પ છે. જેમ બને તેમ તેનો લેપ-ડાઘ-દોષ ન લાગે તેમ ભવભીરૂ વિવેકી કાળજીથી વર્તવાની જરૂર છે. થોડો પણ દેવદ્રવ્યનો વિનાશ ભારે નુકશા કરે છે તો સર્વથા વિનાશ કરવાથી કે ઉપેક્ષાબુદ્ધિ ધારવાથી કેટલું બ અહિત થાય તે વિવેક આણી વિચાર કરવો. વિવેક રહિત સહસા કામ ક નારને પાછળથી બહુજ પસ્તાવું પડે છે, માટે ગમેતેવી આપત્તિ વખતે પા ધ્યાનત પાક રાખી રહેવાથી અંતે શ્રેય થાય છે. અને એવા વિવેકી સજ્જ સદ્ગૃહસ્થોજ આવા અધિકારને લાયક છે. પણ સ્વાર્થ સાધવાજ તત્પ વિવેકવિકલ લાયક નથી.

પવિત્ર જ્ઞાન દર્શનાદિકના મહિમાને વધારનાર દેવદ્રવ્યનું ભક્ષણ, વિના કે ઉપેક્ષા કરવાથી, પહેલાં તે ગમેતેવી સારી સ્થિતિ ભોગવતો હોય, ગ તેવો ડાહ્યો ગણાતો હોય, ગમે તેવો સુખી હોય પણ તે થોડાજ વખત પાયમાલ થઇ જાય છે. ઇજ્જત આબરૂ ગુમાવી બેસે છે. પૈસા ટકાથી ધાસ જાય છે અર્થાત્ નિર્ધન બની જાય છે. તેમજ તેની બુદ્ધિ પણ બુઠી થ જાય છે અને મતિ મુંઝાઇ જાય છે તેથી મારૂં ભવિષ્ય કેવું થશે તેનું તે કંઇ ભાન રહેતું નથી. અનુક્રમે વધારે વધારે દોષ સેવનથી નિઃશુક પરિણામ થઇ ધર્મ-આચારથી ભ્રષ્ટ થઇ જાય છે. તેથી શાહુકારના મુખમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે તેવું દીવાળીઆ જેવું બને છે. યાવત્ આબરૂના કાંકરા કરે છે. જેમ પોતાની પ્રકૃતિને પ્રતિકૂલ વિરૂદ્ધ નિષિદ્ધમાંસાદિ અભક્ષ્ય ભક્ષણ કરનારની પાયમાલી થાય છે તેમ આનું પણ સમજવું. પ્રથમ જાણે મોટી શિલા (પથ્થર) પેટમાં પડી હોય, તેમ પેટ સજ્જડ થઇ જાઇ અગ્નિને મંદ પાડી અજીર્ણ દોષ પેદા થવાથી અનેક વ્યાધિઓને પેદા થવાનું બને છે, તેમ તે કરતાં પણ અનંત ગણું નુકશાન કરનાર આ અત્યંત આગ્રહ પૂર્વક વર્જવા યોગ્ય બતાવેલ શ્રી દેવદ્રવ્યનું ભક્ષણ, વિનાશ કે ઉપેક્ષાનું કરવું છે. માટે જેમ બને તેમ યાનત પાક રાખી ઉક્ત દ્રવ્યની વિવેકથી રક્ષા કે વૃદ્ધિ કરવી જેથી એકાંતિક અને આત્યંતિક એવો તાત્વિક મોક્ષરૂપ લાભ થાય.

જેમ દેવદ્રવ્ય તેમજ જ્ઞાનદ્રવ્ય આશ્રી પણ સમજવું, કેમકે તે દ્રવ્યવડે જ્ઞાનનો અભ્યુદય થઇ શકે છે અને તે સમ્યગ્ જ્ઞાનના પ્રભાવથી વસ્તુતત્વ યથાર્થ જાણી–સમજી શકાય છે, જેથી બહુધા દોષના દાવથી છૂટી આત્માનો બચાવ કરી શકાય છે. અન્યથા અનેક દોષોના સંકટોમાં વારંવાર ઝંપલાવાનું બની આવે છે. માટે ઉક્ત દ્રવ્યના સદુપયોગ પૂર્વક તેની રક્ષા કે વૃદ્ધિ પણ દેવદ્રવ્યની પેરે વિવેક અને કાળજી રાખીનેજ કરવી જેથી પવિત્ર શાસનની દિન પ્રતિદિન ઉન્નતિ થયા કરે.

ઉક્ત બંને પ્રકારના દ્રવ્યથી સાધારણ દ્રવ્ય તરફ ઓછું ધ્યાન ખેંચવા યોગ્ય નથી. કેમકે તે બંનેને પથ્યાહારની પેઠે પુષ્ટિ આપનાર સાધારણદ્રવ્ય છે. ખરી રીતે તે ઉભયને પુષ્ટિજનક હોવાથીજ સાધારણ કહેવાય છે. માટે સાધારણ દ્રવ્યની પુષ્ટિ કરનારને પૂર્વ ઉભયની પુષ્ટિનું ફળ મળી શકે છે તેમજ સાધારણ દ્રવ્યના લોપ કરનારને પૂર્વોક્ત ઉભયની હાનિનું ફળ મળે છે.

પ્રસંગે કહેવા યોગ્ય છે કે આજકાલ સાધારણ ખાતું ઘણુંજ ડુબતું હોવાથી બીજાં ખાતાંઓને બહુધા ધક્કો લાગે છે માટે બીજાં ખાતાંઓ કરતાં સાધારણ ખાતા તરફ ભવ્ય પ્રાણીઓએ ખાસ વધારે લક્ષ દેવાની જરૂર છે. કેટલાક અજ્ઞાની જીવો તો પોતાના સંબંધીઓની પછાડી અમુક રકમ મોગમ અથવા અમુક ધર્માદા કહ્યા છતાં આપ આપણી મોજ મુજબ તે દ્રવ્યનો ઉપયોગ કરી પોતાને નિર્દોષ માને છે તે ન્યાયયુક્ત નથી. દૃષ્ટાંત તરીકે અમુક શાહુકારના અમુક દિવસથી બાકી કાઢી આપ્યાબાદ જેમ તેને વ્યાજ સહિત અંતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરપાયા ફરી આપવા પડે છે તેમ યા તેથી અધિક આ ધર્મમહારાજ દેણું સમજવાનું છે, છતાં જે ઠગબાજી કરી વ્યાજ પોતે ખાઇ મૂળગી મૂ પણ ટુંકી મુદતમાં પતાવી આપતો નથી તેને અવશ્ય બહુ સંસાર ભ્ર ફરવું પડે છે. શ્રી ધનેશ્વરસૂરી મહારાજ શ્રી શત્રુંજય મહાત્મ્યમાં કહે છે

**धर्मेणाधिगतैश्वर्यो, धर्ममेव निहंतियः ।**
**कथं शुभायतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥**

અર્થાત્ ધર્મના પ્રભાવવડે પ્રાપ્ત થઇ છે લક્ષ્મી-સંપદા જેને એ જે પ્રાણી ધર્મનેજ હણે છે-લોપે છે તેવા સ્વામી દ્રોહ કરનાર પાપી પ્રાણી નું ભલું શી રીતે થશે? અર્થાત્ તેવા બદધ્યાનતવાળા પાપી પ્રાણીનું ભ કોઇ રીતે થવાનો સંભવ નથી. માટે બોલ્યું તેવું પાળવું એજ સજ્જનતા લક્ષણ છે. ખરી રીતે પહેલાં બોલ બોલવા-પ્રતિજ્ઞા કરવી-તે પૂરતી રી પોતાની શક્તિ વિચારીને કરવી કે જેથી પાછા તેથી ફરી જવા-પ્રતિ ભ્રષ્ટ થવા વખત ન આવે. આજકાલ આગ પુંઠ વિચાર કર્યા વિના કેટ ગાડરીયા પ્રવાહે પ્રતિજ્ઞા કરી ભ્રષ્ટ થતા અને થયેલા અને તેમ કરી અ મહા દુઃખી સ્થિતિ સાક્ષાત્ અનુભવતા ઘણા પ્રાણી દેખાય છે.

જ્યારે જ્ઞાની પુરૂષો લક્ષ્મી સંપાદન કરવાનું મુખ્ય સાધન ન્યાય પ્રમાણીકતાજ બતાવે છે ત્યારે આજકાળ ઘણા જડભરતો અન્યાયનેજ મુ ખ્ય પદ આપી સંતોષ ધારે છે, જેને પરિણામે આજકાળ પ્રતીત થતી અ ધમ સ્થિતિનેજ ભોગ પડવાનો વખત બહુધા આવ્યા વિના રહેતો નથી અથવા જાણી જોઇને પથ્ય તજી કુપથ્ય ભજનારને હિત-સુખ શી રીતે થાય! પથ્ય સમાન તો ન્યાય માર્ગ છે અને કુપથ્ય સમાન અન્યાય માર્ગ છે તે હે ભવ્ય પ્રાણીઓ! જો તમે આ લોકમાં પ્રત્યક્ષ સુખ પામવાને ઇચ્છતા હો તેમજ પરલોકમાં પણ વિશેષે સુખી થવા ચાહતા હો તો અન્યાય રૂપ કુમાર્ગને મૂકીને તરત ન્યાયનો સિદ્ધો રસ્તો ઝાલો-પકડો. સ્વચ્છંદ મતિ તજી દે શાસ્ત્ર મતિ ધારો. અવિવેક મૂકી વિવેક આદરો. કુમતિનો સંગ પરીહરી સુમતિનો સંગ ભજો. આજસુધી અજ્ઞાન દશાએ ભૂલા ભમ્યા તેનો પશ્ચાતા કરી ફરી ભૂલ ન કરવા દૃઢ સંકલ્પ કરો અને બીજા પણ તમારા મિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધી જનોમાં સારી આચરણાથી દાખલો બેસાડો, તેઓને સારી હિત શિખામણ આપો જેથી તેઓ પણ સારે રસ્તેજ ચાલે.

૬૭ કદાગ્રહ દૂર કરી જેમ આપણું સુધરે, શ્રેય થાય તેમ વર્તવું, એટલુંજ નહિં પણ આપણું સુધરતું કે સુધરેલું દેખી બીજા પણ આપણે પણ કરેલા ઉત્તમ માર્ગે ચાલે તેમ વર્તવું. આપણે વિચારીએ જે આપણે આપણો સુધારો આગળ પર કરી લેશું પણ તે કેવળ મોહભ્રમજ માનો. કેમકે પ્રત્યક્ષ આપણો થતો બગાડ ઉવેખીને ભાવી કાળપર સુધરવાની આશા શા બાને રાખવી? માટે તેવી ઉપેક્ષા બુદ્ધિ નહિ ધારતા જેમ વહેલાં વહેલાં પોતાની ભૂલ સુધારી લઇ પોતાનું શ્રેયઃ સધાય તેમ વર્તવું એજ ઉત્તમતાનું લક્ષણ છે. સમજણ પણ તેનીજ ખરી. સુધરવાની ખાલી (ખોટી) આશા કરતાં ઓચીંતા કાળે પોતાની રાક્ષસી દાઢ નીચે દાબી નાંખ્યા તો પછી કોને પૂછવા જવું? માટે 'પાણી પહેલાં પાળ' ની જેમ આગમજથીજ પોતાના શ્રેય માટે ઉપાય યોજવા.

આ પ્રમાણે આત્મ સુધારા માટે સચિંત અને કાળજીવાળા ભવ્ય પ્રાણીઓ ખરેખર પોતાનું હિત સાધી શકે છે. તાત્પર્ય એ છે કે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય કે ગમે તેવા ધર્માદાના દેણાથી પોતે મુક્ત થઇ બીજા પણ ડુબતા એવા પોતાના મિત્રો કે સંબંધી જનો હોય તો તેને પણ મુક્ત કરવા ખાસ ઉત્કંઠા રાખવી. તેમજ એકઠા થયેલા દેવ-જ્ઞાન-સાધારણ કે ધર્માદા દ્રવ્યની યોગ્ય વ્યવસ્થા કરવા એક સારી વ્યવસ્થાપક કમીટી સ્થાપવી, તે કમીટીના પ્રમુખ યા સેક્રેટરીઓએ તે તે દ્રવ્યની યોગ્ય વ્યવસ્થા કરવા પોતાની બુદ્ધિ શાસ્ત્રપરતંત્ર રાખી વિચાર કરી જ્યાં જ્યાં ખાસ જરૂર હોય ત્યાં ત્યાં તેનો ઉપયોગ કરી જેમ જ્ઞાન દર્શનાદિક ઉત્તમ ગુણોની પ્રભાવના થાય તેમ કરવા ચૂકવું નહિ. થતી આશાતનાઓ દૂર કરવા પ્રથમજ વિચાર કરવો. ઉપરાંત તે તે દ્રવ્યની રક્ષા તેમજ વૃદ્ધિ પણ પવિત્ર શાસ્ત્ર આમ્નાય સમજી તેને અનુસારેજ કરવા અમલ કરવો, તેમજ તેવી રીતે અમલ કરવા બીજાઓને સલાહ આપવી. ટુંકાણમાં શ્રી વીતરાગ વચન અનુસારે જેમ સ્વ પરનું શ્રેય થાય, પવિત્ર જિનશાસનની ઉન્નતિ થાય તેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને લક્ષ્યમાં રાખી વર્તવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિષય ઘણો ગંભીર અને ઉપયોગી હોવાથી વિશેષ રૂચિ ભવ્ય સત્વોએ તેતે વિષય સંબંધી ગ્રંથો ખાસ અવલોકી તત્વરહસ્ય ખેંચી જેમ સ્વપરનું શ્રેય થાય તેમ સરલપણે વર્તવા યત્ન કરવો ધર્મરહસ્ય જાણી તે મુજબ સરલતાથી વર્તવું એજ સાર છે. જાણ્યું પણ તેનુંજ લેખે છે, નહિંતો કેવળ બારભૂતજ સમજવું. ખરી રીતે ન્યાયને યથાર્થ સમજનાર અને ભવભીરૂ હોઇ તેજ પ્રમાણે ન્યાયથી ચાલનાર જગતને આશીર્વાદ રૂપ થાય છે અને તેથી વિરૂદ્ધ વર્તનારો શ્રાપ રૂપજ નીવડે છે. પ્રમાણિક રીતે ચાલનાર માણસ સરલ હોઇ શકે છે, પણ અપ્રમાણિક—અન્યાયી તો સર્પની પેરે વક્રતાજ ધારણ કરે છે. તે મિથ્યા વિષથી ભરેલો હોવાથી ભવભીરૂ સજ્જનો તેનો સંગ કે વિશ્વાસ કરતા નથી. તેનાથી દૂર રહે છે યા તેનેજ દૂર કરે છે. ન્યાયના અર્થી જીવોને સમજવા એક દાખલો દેખાડીએ-શ્રીમંત પિતાદિકની લક્ષ્મીનો વારસો મેળવવા જેટલે દરજ્જે તેના પુત્રાદિક હકદાર છે તેટલેજ દરજ્જે તેજ પિતાદિકનું દેવ, જ્ઞાન, સાધારણ યા ગમે તે ધર્માદા દ્રવ્ય પોતાની થઇ આવેલી હીણપતને લઇને કે કેવળ પ્રમાદથીજ દેવું રહી ગયેલું હોય તે તે દ્રવ્ય દેવાને તેના પુત્રાદિકનો ઓછો હક, નથી. જ્યારે મરી ગયેલાં કે બેભાન થઇ ગયેલાં માબાપ આદિકના લેણાં નાણાં તેના પુત્રાદિક વસૂલ કરી શકે છે તેમજ દેણાં નાણાં પણ તેઓએજ ચુકવવા જોઇએ છીએ; ત્યારે જેઓ કેવળ સ્વાર્થે અંધ થઇ લેણું લઇ દેણું દેવા ઇચ્છે નહિ તેઓ તો ન્યાય માર્ગથી આઘા (દૂર) ચાલનારા છે એમ સમજવું. તેવા અન્યાયાચરણથી અંતે તેઓની ભારે ખુવારી થાય છે. 'આહાર તેવો ઉદ્‌ગાર' તે ન્યાયે બુદ્ધિ મલીન થવાથી તેઓ થોડાજ વખતમાં ધર્મ અને લક્ષ્મી ઉભયથી ભ્રષ્ટ થઇ જાય છે. અથવા તો જ્યારથી અન્યાય મતિ ધારી અન્યાય આદર્યો ત્યારથી ધર્મ ભ્રષ્ટ તો થયોજ અને જે ન્યાય લક્ષ્મીનું વશીકરણ છે તે ન્યાયને ખીતીપર (દૂર) મૂકવાથી યાવત્ લોપવાથી અને અન્યાય સેવવાથી તરતજ યા થોડા વખતમાં યશ લક્ષ્મી આદિકથી પણ ભ્રષ્ટ થાય છે અને કેવળ દુઃખ અને અપયશનો ભાગી થઇ ભવાંતરમાં મહા દુઃખ દાવાનળમાં પચાય છે. નરક નિગોદાદિકમાં ઘણા ભવો ભમે છે. યાવત્ દુર્લભબોધિ થઇ અનંત દુઃખ પામે છે. આમ હોવાથી હે સુજ્ઞ મિત્રો અને બંધુઓ! જાગો અને સર્વ પ્રમાદ પરિહરી આવા અનર્થથી મુક્ત થાઓ અને બીજાને મુક્ત થવા ઉપદિશો (ઉપદેશ આપો). ઇત્યલમ્.

મુનિ કપુરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कोन्फरन्स संबंधे अगत्यनी सूचना.

વીર પરમાત્માના વીર બાળકો આજકાલ પોતાની ધાર્મિક-વ્યવહારિક-સાંસારિક અને નૈતિક ઉન્નતિ કરવાને મચી રહ્યા છે. જ્યાં ત્યાં કોન્ફરન્સની વાતો ચાલી રહી છે. તેની નાની મોટી સભાઓ દરેક, નાના મોટા ગામમાં ભરાય છે. દરેક વર્તમાન પત્ર યા માસિક તેના વિષયો સંબંધે ચર્ચા ચલાવી રહ્યાં છે. ઉન્નતિ અર્થે જૈન ઉદાર ગૃહસ્થો બહોળે હાથે પૈસા વાપરી રહ્યા છે. તે ખાતે મોટો ખર્ચ થાય છે. જ્યાં ત્યાં કોન્ફરન્સ તરફથી ઉપદેશ અર્થે છટાદાર ભાષણ કરી શકે તેવા માણસો મોકલવામાં આવે છે. દરેક જૈન ગૃહસ્થ આ કામમાં તન-મન-ધનથી બનતો ભાગ લે છે. મુંબઇ ખાતે ગઇ સાલ ભરાયેલી બીજી જૈન કોન્ફરન્સ વખતે થયેલું કામ તેમજ આવતી સાલ વડોદરા ખાતે થનારી ત્રીજી કોન્ફરન્સ માટે ફંડકમીટી આદિ બાબતોથી સત્વર થતી તૈયારી જૈનોના ભાવ-ઉમંગ ને ખંતનો પુરાવો છે. આ બાબત ખરેખર સ્તુતિપાત્ર છે.

ખરેખરી ઉન્નતિ કરવી હોય તો આટલેથી બસ થશે નહિ; જ્યાંલગી શ્રાવક, શ્રાવિકા, સાધુ અને સાધ્વીઓ સર્વે એકત્ર થઇ આ કામ માથે નહિ ઉપાડે ત્યાં લગી ધારેલી મુરાદ બર આવે એ તદ્દન અસંભવિત છે. તેને માટે શ્રાવકો ગમે તેટલી મહેનત કરશે, પણ જ્યાં સુધી સાધુઓ તે બાબત ધ્યાનમાં નહિ લે ત્યાં સુધી સર્વ ફોકટ છે; શ્રાવક-શ્રાવિકા કોન્ફરન્સના હેતુ, ફાયદા અને જરૂરીયાત સમજે તેથી શું બસ થયું! નહિજ સાધુઓએ પણ તે સર્વ જાણવુંજ જોઇએ. કેટલાએકને માન્યામાં નહિ આવતું હોય, પણ હું ખરેખરું કહું છું કે હાલ કેટલાએક એવા પણ મુનિમહારાજો છે કે જેઓને આ કોન્ફરન્સનાં સર્વ પગલાં બિલકુલ સ્તુતિપાત્ર લાગતાં નથી; અને જેઓ આથી કરીને ઉન્નતિને બદલે આપણી અવનતિ થશે એમ માને છે, તેની અસર કેટલાએક શ્રાવકોને પણ થયા વિના રહેશે નહિ.

આપણા સાધુઓ હંમેશાં વિચરતા હોય છે, તેઓ અમુક સ્થાને સ્થાયી હોતા નથી; માટે તેઓને જો આપણી આ કોન્ફરન્સના ફાયદા, હેતુ અને જરૂરીઆત બરોબર સમજાવવામાં આવે તો દરેક નાના મોટા ગામના શ્રાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોને તે વધારે સારી રીતે સમજાવી શકશે. અને પછી આપણને દરેક ગામમાં તેમજ પ્રાંતમાં ઉપદેશ અર્થે માણસો મોકલવાની પંચાત દૂર થશે. આથી તે માણસોના પગારના બોજામાંથી પણ વિમુક્ત થઇશું. હું મારા પોતાના અનુભવથી ખાત્રી પૂર્વક કહું છું કે કોન્ફરન્સ તરફથી મોકલાયેલ વક્તાઓનાં અમૂલ્ય બોધકારક છટાદાર ભાષણો અસર કરશે તેના કરતાં સાધુઓ પોતાના ઉપદેશથી જનસમૂહમાં વધારે અસર કરી શકશે; આથી વળી બીજો મોટો લાભ થવા સંભવ છે.

જ્યાં લગી આપણા પ્રાચીન અમૂલ્ય ગ્રંથોમાં સમાએલાં નૈતિક-વ્યાવહારિક-ધાર્મિક સિદ્ધાંતો બહાર આવવા પામ્યાં નથી, જ્યાં લગી તે ગ્રંથોના ભંડારોના દ્વાર વાચકવૃંદને માટે ઉઘાડાં મૂકાયાં નથી, જ્યાં લગી વૈદિક-ગણિત-જ્યોતિષ ખગોળ ભૂતળ આદિ વિજ્ઞાનો અને શાસ્ત્રો ઉપર લખાયેલા અપૂર્વ ગ્રંથો જનપ્રિય થઇ પડ્યા નથી, જ્યાં લગી મહાન્ ગ્રંથોમાં સમાએલું રહસ્ય આપણને સમજાયું નથી, જ્યાં લગી શ્રાવકો તેમજ મુનિઓમાં એવો વિચાર પ્રચલિત છે કે આપણાં પુસ્તકો બહાર પાડવાથી તેમનું માહાત્મ્ય ઘટશે, જ્યાં લગી તેવાં પુસ્તકો ઉપર અન્ય ધર્મી ટીકા કરશે એવા ભયથી તે છપાવાશે નહિ, જ્યાં લગી તેવા લોકોપયોગી ગ્રંથો બહાર આવવાને બદલે જીર્ણ થતા જશે ત્યાં લગી ખરી ઉન્નતિ આપણાથી બહુજ દૂર રહેશે તેમાં કાંઇજ શંકા નથી. જો તે ઉત્તમ ગ્રંથો પ્રકાશમાં આવે તો અવર્ણનીય ખ્યાતિ અને ઉન્નતિ થયા વિના રહેશેજ નહિ.

આ પુસ્તકોને બહાર આણવાનું કામ શ્રાવક-શ્રાવિકા તેમજ સાધુ-સાધ્વીઓ સર્વનું છે. મારા માનવા પ્રમાણે તો આ કામ શ્રાવકોનું છે તે કરતાં સાધુઓનું વિશેષે કરીને છે. કેટલાંએક કારણોને લઇને આ કામ શ્રાવકો કરે તેના કરતાં સાધુઓ વધારે સારી રીતે કરી શકશે. સાધુઓ સંસારજાળથી મુક્ત હોઇ તે કામમાં શ્રાવક કરતાં તેઓ વિશેષ વખતનો ભોગ આપી શકે તેમ છે. વળી તેઓએ માગધી તેમજ સંસ્કૃતનો સારો અભ્યાસ કરેલ હોય છે. પણ અફસોસ! તે બધા ઉપર ધૂળ મળી જાય છે. હાલની સ્થિતિ ખેદજનક તથા શરમાવનારી છે. મુનિઓ સંસારથી વિરક્ત છતાં રાગી દેખાય છે. તદ્દન વીતરાગી હાલ વિરલાજ માલમ પડે છે. પોતાના ગુરૂના પુસ્તકના અમૂલ્ય ભંડારના ભાગ પાડી વહેંચી લેવામાં શિષ્ય મુનિઓ ગુંથાય

For Private And Personal Use Only

રહે છે. વળી વખતપર તે પુસ્તકો માટે પોતાના ગુરૂભાઇઓ સાથે કજીયા-કુસંપો કરવા ચુકતા નથી. સાધુ-સાધ્વીઓ પણ કુસંપ તજવા અસમર્થ હોય તો પછી શ્રાવક-શ્રાવિકાઓનો દોષ કયાં ગણવો? કુસંપ હોય ત્યાં ઉન્નતિનાં સ્વપ્નો પણ કેવાં? સુવર્ણમય હિંદ આ અધમતાએ પહોંચ્યો છતાં પણ હજી હિંદવાસીઓ કુસંપથી થતા ગેરલાભ સમજી શકયા નહિ! આથી વધારે હૈયાફૂટેલ કોણ હોઇ શકે? એટલા રાગ દ્વેષથી સંતોષીનહિ થતાં કેટલાક મુનિમહારાજો તો શિષ્યો વધારવાની ચિંતામાં પડી ગયા છે. શિષ્યો ન હોય તો મુનિઓની ચાકરી કોણ કરે? મુનિઓને શિષ્યો વિના કેમ ચાલે? હાલ શિષ્ય કરવાની પ્રથા કાંઇ ઓછી નથી; અને તેને માટે સંસારીને મુનિવર્યની સ્થિતિમાં દાખલ કરવા જે હીલચાલ થાય છે તે કેટલેક દરજ્જે થોડા સુધારા વધારાસહિત માન આપવા લાયક છે. તે હિલચાલનું સવિસ્તર બ્યાન થોડા દિન અગાઉ "જૈન" પત્રમાં આપેલ છે. સ્વભાષા જેને લખતાં વાંચતાં નથી આવડતી, જેને હજુ દીક્ષા શું? આત્માનું કલ્યાણ શું? અને તે કેમ થાય? મુનિ આચાર શું? જૈનધર્મ શું? એનું પણ ભાન નથી તેને સત્વર, ઇચ્છા હોય કિંવા ન હોય તો પણ સમજાવી દીક્ષા આપી સાધુની સંખ્યા વધાર્યાથી શું ધર્મની ઉન્નતિ થશે? તેવા મુનિમહારાજો કયારે પોતાના આચાર વિચાર જાણે, કયારે સ્વભાષા પરિપૂર્ણ જાણે, કયારે તે સંસ્કૃત ને માગધીનું સારૂં જ્ઞાન મેળવે અને કયારે તે લોકોને ઉપદેશ આપવા લાયક થાય તેનો તો જરા ખ્યાલ આણો. આવી રીતે મુનિઓ પોતાનું કર્તવ્ય આચાર વિચાર-ભૂલી જઇ સરાગી બને છે તેમને તેમ નહિ થવા દેતાં ખરી ઉન્નતિકારક કોન્ફરન્સની બાબતો સમજાવવામાં આવે તો કોન્ફરન્સનો હેતુ પાર પાડવામાં તેઓ સહાયભૂત થયા વિના રહેશે નહિ.

હાલ ઘણાજ થોડા જૈનો આપણા અમૂલ્ય ગ્રંથો વાંચવા સમર્થ હશે. સંસ્કૃત અને માગધી ભાષાનું અજ્ઞાનપણું અને ગુજરાતી ભાષા યા હીંદી ભાષામાં તેઓના ભાષાંતરની ખોટ એજ તેનું મુખ્ય કારણ છે. પણ હાલ થોડા સમયથી હર્ષનું કારણ મળી આવે છે કે કેટલાએક ગ્રંથોના ભાષાંતર થતાં જાય છે. થયેલાં ભાષાંતર હજુ થવાં જોઇએ તેના પ્રમાણમાં ઘણાંજ ઓછાં છે. તેમજ હાલ થતાં ભાષાંતરો ઘણાંજ થોડાં હોઇ તેમની કિંમત વિશેષ રખાય છે; પણ આમ થવું ન જોઇએ. દરેક હિતૈષી ગ્રંથકાર તેમજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાંતર કર્તાએ સારી પેઠે જાણવું જોઇએ કે થોડી કિંમત રાખવાથી મોટો લાભ થાય છે. જુઓ કે ક્રિશ્ચીયનોનું ધર્મપુસ્તક બાઇબલ ઘણીજ થોડી કિંમતે અને વખતે મફત પણ મળી શકે છે. સ્વધર્મીઓ તેમજ અન્ય ધર્મીઓમાં તેનું વિશેષ વંચાવાનું કારણ પણ તેજ છે. થોડી કિંમતવાળાં પુસ્તકોનો લાભ ઘણા માણસો લઇ શકે છે, પણ આપણામાં તો તેથી ઉલટુંજ છે. હું ધારૂં છું કે જો કોન્ફરન્સ પોતેજ આ કામ હાથ લેશે અને સારા વિદ્વાન્ માણસો પાસે ભાષાંતર કરાવી થોડી કિંમતે ધર્મપુસ્તકો બહાર પાડશે તો લાભ થયા વિના રહેશે નહિ.

મારી નવીન બીન અનુભવી કલમને મહા વિદ્વાન્ અને વિચારવંત હિતૈષી પુરૂષોને સુચના કરવાના સાહસ અને અવિનય માટે દરેક સુજ્ઞ ક્ષમા કરશે.

જૈન વિદ્યાર્થી.

હીરાચંદ ગુમાનજી બોર્ડીંગ. તારદેવ-મુંબઇ.

---

# वर्त्तमान समाचार.

## બનારસ પાઠશાળાના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા.

બનારસ ખાતે પાઠશાળાની શરૂઆત થયા લગભગ એક વર્ષ થવા આવ્યાથી તા. ૧ લી મેથી તા. ૩૦ મે સુધી ગવર્નમેન્ટ કોલેજના પ્રોફેસર વૈયાકરણ શાસ્ત્રી **તાત્યાજી ઉર્ફે રામકૃષ્ણ** તથા નૈયાયિક શાસ્ત્રી **સીતારામજી**એ પરીક્ષા લીધી છે. તેમાં ૨૦ ગૃહસ્થ વિદ્યાર્થીઓએ વ્યાકરણની પરીક્ષા આપી છે અને ૭ મુનિરાજ પૈકી ૫ મુનિરાજે ન્યાય સંબંધી પરીક્ષા આપી છે જો કે અભ્યાસતો સાતે મુનિરાજ કરે છે. પરીક્ષાનું પરિણામ ઘણું સંતોષકારક આવ્યું છે. પરીક્ષાપત્રક ને તે સંબંધી સવિસ્તર હેવાલ શ્રાવક **વલભાજી હીરજી** કે જે કલકત્તાથી ખાસ બનારસ આવેલા તેમના તરફથી અમારા આવેલ છે, પરંતુ તે પ્રમાણે હેવાલ બીજા ન્યુસપેપરોમાં પ્રગટ થયેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી અહીં તમામ હેવાલ પ્રગટ ન કરતાં માત્ર તેનો સારજ આપ્યો છે. પરીક્ષાનું પરિણામ સંતોષકારક આવવાથી પરીક્ષા આપનાર છોકરાઓને રોકડ રકમનું રૂ. ૧૫૦ ) ઉપરાંતનું ઇનામ આપવામાં આવ્યું છે. ઇનામ આપવાના મેળાવડા વખતે બીજા ગૃહસ્થોને પણ બોલાવ્યા હતા. તેમની સમક્ષ મુનિરાજ શ્રીધર્મવિજયજીએ બહુ સારૂં વ્યાખ્યાન આપ્યું હતું જેથી સર્વે પ્રસન્ન થયા હતા.

આ પાઠશાળાની સ્થાપનાના ખબર મળવા ઉપરથી **જર્મન પ્રોફેસર હર્મન જેકોબી મુનિરાજ શ્રીધર્મવિજયજી** ઉપર લખે છે કે-" તમે આ પાઠશાળા એવી ગૂઢ મતલબથી ખોલી જણાય છે કે જૈનો વિદ્વાન્ થાય અને જૈનગ્રંથોનો ફેલાવો થાય; આપના આવા અભિપ્રાયને વધાવી લઇને હું ધન્યવાદ આપું છું અને કહું છું કે તમામ જૈનીઓ એક મત થઇ નાણાં એકઠાં કરી જૈનાચાર્યના બનાવેલા વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર અને ન્યાય વિગેરેના ગ્રંથો શોધી કાઢી છપાવી બહાર પાડી તેનો પ્રચાર કરશે ત્યારેજ ખરેખરી જૈનધર્મની જાહોજલાલી પ્રગટ થશે. તે સાથે જૈનોની માતૃભાષા માગધી કે જે હાલ લુપ્તપ્રાય થઇ ગઇ છે તેનો પુનર્જન્મ કરાવવાની પણ ખાસ આવશ્યકતા છે. " આ લેખ ઉપરથી આપણા જૈનબંધુઓએ વિચાર કરવાની જરૂર છે કે આપણે જ્યારે આપણી ઉન્નતિમાં બેદરકાર છીએ ત્યારે અન્ય વિદ્વાનો આપણને આપણી ઉન્નતિનો માર્ગ બતાવે છે અને જોઇતી મદદ આપવાને પણ તત્પર છે તો પછી આપણે કાંઇ વીર્ય ફોરવવાની આવશ્યકતા છે કે નથી ?

આ પાઠશાળાને જો શ્રીમંત વર્ગ તરફથી યોગ્ય મદદ કરવામાં આવશે તો જરૂર તેના શ્રેષ્ઠ ફળ ચાખવાને આપણે ભાગ્યશાળી થઇશું એ નિ:સંદેહ વાત છે.

For Private And Personal Use Only

## બનારસ પાઠશાળાનું મુંબઇમાં થયેલ ફંડ.

બનારસ પાઠશાળાની એક વર્ષની કારકિર્દીથી જૈન વર્ગનો બહોળો ભાગ પ્રસન્ન થવાથી તેને વધારે દૃઢ પાયાવાળી બનાવવા માટે ત્યાં શાળાને યોગ્ય એક મકાન લેવાનો વિચાર ચાલતાં શ્રી મુંબઇ નિવાસી **શેઠ. વીરચંદભાઇ દીપચંદ સી. આઈ. ઇ.** તથા **શેઠ. ગોકળભાઇ મુળચંદે** તે હકીકત ધ્યાન પર લીધી અને પોતાની તરફથી શ્રી બનારસ ખાસ માણસો મોકલીને બનારસ જૈન પાઠશાળા માટે મકાન લેવાની તજવીજ કરી, તેને પરિણામે ત્યાં એક વિશાળ મકાન ખરીદ કરવાનું મુકરર કરવામાં આવ્યું છે, તેની કિંમતના સુમારે રૂ ૨૫૦૦૦) સદરહુ બે ગૃહસ્થો તરફથી, સરખે ભાગે ઉદાર ચિત્તે આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ બાબત મુકરર કરવા માટે શ્રી બનારસ તરફ ગયેલા **શ્રાવક વેણીચંદ સુરચંદનું** મુંબઇ આવવું થયું અને જ્યારે મકાનનું ચોકસ થયું ત્યારે હવે સદરહુ પાઠશાળાનો ખર્ચ એક સારૂં ફંડ કરી તેના વ્યાજમાં અને વાર્ષિક તેમજ માસીક આવકમાંથી ચાલે તેમ કરવાનો વિચાર તેમને થયો. તેટલા ઉપરથી સદરહુ પાઠશાળાની વ્યવસ્થાપક કમીટીમાંના અમુક અમુક મેમ્બરોને મુંબઇ તેડાવી પાઠશાળા માટે ફંડ કરવાની શરૂઆત કરવામાં આવી.

સદરહુ ફંડને માટે **વેણીચંદભાઇ** ઉપરાંત **શા. હુકમચંદ નથુભાઇ** અને **પરી. છોટાલાલ ત્રીકમદાસ** વીરમગામવાળા, **શા. કુંવરજી આણંદજી** અને **વકીલ મુળચંદ નથુભાઇ** ભાવનગરવાળા, **શા. ભગુભાઇ ફતેચંદ** જૈનપત્રના અધિપતિ અને **શા. નગીનભાઇ મંછુભાઇ** સુરતવાળા વિગેરેએ મળીને પ્રયાસ શરૂ કર્યો. જે પ્રયાસના ફળ તરીકે દ્વિતીય જ્યેષ્ઠ વદિ ૫ સુધીમાં ઉપર જણાવેલા મકાન સંબંધી રૂ ૨૫૦૦૦ ) ઉપરાંત બીજા રૂ ૨૧૦૦૦) લગભગ ભરાયા છે. તેની વિગત નીચે પ્રમાણે—

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨૫૦૦) શેઠ ગોકળભાઇ મુળચંદ મારફત.

૭૫૦૦) શા. રવચંદ અમુલખના ટ્રસ્ટમાંથી.

૫૦૦૦) શા. વીરચંદ કરમચંદના ટ્રસ્ટમાંથી.

૨૫૦૧) શા. રતનજી જીવણદાસની કુંપની.

૧૦૦૦) શેઠ અમરચંદ તલકચંદ માંગરોળવાળા.

૫૦૦) શેઠ દેવકરણ મુળજી.

૫૦૧) શા. છગનલાલ વહાલચંદ.

૨૫૧) શા. લલુભાઇ નાથુભાઇ.

૨૦૧) શા. નેમચંદ ભીમજી.

૨૫૦) શેઠ જેઠાભાઇ દામજી.

---

૧૫૩૦) શેઠ ગોકળભાઇ દોલતરામ તરફથી વર્ષ ૨ા સુધી દર મારો રૂ. ૫૧) આપવાનું કબુલ કર્યું છે.

૧૦૦૦) શેઠ ઝવેરચંદ ગુમાનચંદ તરફથી ૫ વર્ષ સુધી દરવર્ષ રૂ. ૨૦૦) આપવાનું કબુલ કર્યું છે.

૬૦૦) શા. ભીખાચંદ વસ્તાચંદ પાટણવાળા તરફથી પાંચ વર્ષ સુધી દરમાસે રૂ. ૧૦) પ્રમાણે આપવા કબુલ કર્યું છે.

આ શિવાય બીજી પણ બે ચાર રકમો પરચુરણ માસીક, એક સાથે, તેમજ સ્કોલરશીપ માટે આપવામાં આવી છે તે એકંદર તે ખાતાના હીસાબમાં પ્રગટ થશે.

હજુ ફંડ ભરાવું શરૂ છે. પરંતુ ઝવેરી મંડળ તરફથી કેટલાક કારણોને લઇને આગળ ઉપર ભરવાનું ઠરવાથી હાલમાં વધારે રકમ ભરાવા સંભવ નથી. પરંતુ હવે સદરહુ પાઠશાળાના પાયા મજબુત થયા છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વે જૈન બંધુઓએ આ પાઠશાળા તરફ પોતાની દૃષ્ટિ લંબાવી યોગ્ય રકમ મોકલવા સતતઃ ઉત્સાહ ધારણ કરવા યોગ્ય છે.

હાલમાં ત્યાં ૭ મુનિરાજ ને ૨૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આગળ ઉપર બંને પ્રકારની સંખ્યા વધવા સંભવ છે. હાલમાં સુમારે રૂ૫૦૦) લગભગ માસીક ખર્ચ છે. આગળ ઉપર તે પણ વધવાને કારણ છે.

દૂરદેશ જઇને અભ્યાસ કરવા માટે ઉત્કંઠા ધરાવનાર મુનિરાજ પ્રત્યે તેમજ બાળવિદ્યાર્થીઓ પ્રત્યે તન મનથી અભ્યાસ કરી સારૂં ફળ દેખાડી આપી જૈનવર્ગના દિલને પ્રસન્ન કરવાની અમારી પ્રાર્થના છે.

## જૈનમત સમીક્ષા સંબંધી દીલ્હીમાં ચાલતો કેસ.

**જૈનમતસમીક્ષા** નામની અત્યંત નિંદ્ય બુકના બનાવનાર **લાલા જમનાદાસ ગુપ્ત,** પ્રસિદ્ધ કર્તા આર્ય સમાજના ઉપદેશક **શંભુદત્ત શર્મા** અને છાપનાર લાહોરના એક **પ્રેસના મેનેજર** ઉપર આપણા જનવર્ગ તરફથી પંજાબ ગવર્નમેન્ટે આપેલી પરવાનગી અનુસાર શ્રી દીલ્હી નિવાસી **બાબુ પ્યારેલાલ વકીલ** તથા **લાલા ઇસરીદાસ** તરફથી ત્યાંના માજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે અને તે બાબતના વારંટો નીકળી ઉપર જણાવેલા ત્રણે જણના જામીનો લેવામાં આવ્યા છે.

કેસની શરૂઆત થતાં ત્રણે તહોમતદારોએ પોતાનો કેસ **લાહોરની** કોર્ટમાં ચલાવવા અરજ કરી હતી. પરંતુ તે માજીસ્ટ્રેટે કબુલ ન રાખવાથી તેમણે મુદત માગી હતી, તે પણ ન આપવાથી કેસ ચલાવવામાં આવ્યો છે અને આપણી તરફના સાક્ષીઓ લેવામાં આવ્યા છે. તે સાક્ષીઓને સામા પક્ષ તરફથી સવાલો પૂછવાનું મુલતવી રાખવામાં આવ્યું છે. તેઓએ દી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીલ્હીથી કેસ ટ્રાન્સફર કરવા માટે લાહોરની કોર્ટમાં અરજ કરી છે, તેની મુદત તા. ૯ મી જુલાઇની છે, તે દિવસે કેસ ક્યાં ચલાવવો તેનો નિર્ણય થશે.

આ કેસ આખા જૈનવર્ગ તરફથી ચલાવવામાં આવે છે તેમાં શ્વેતાંબરી, દીગંબરી કે ઢુંઢીઆ વિગેરે જૈનોનો જુદો વિભાગ પાડવામાં આવેલો નથી. કારણકે સદરહુ બુકના લેખકે પણ સમુદાયે જૈનધર્મ ઉપરજ આક્ષેપ કરેલા છે. હાલમાં મુખ્ય ભાગ આપણા દીગંબર ભાઇઓ બજાવે છે. પરંતુ આપણે શ્વેતાંબર ભાઇઓએ પણ તેમાં તન મન ધનથી પ્રયાસ કરવાની જરૂર છે. સારા હુશીઆર વકીલ બારીસ્ટરો રોકી, જૈન ધર્મના વિદ્વાન્ મુનિરાજ, યતિઓ કે શ્રાવકોને ત્યાં મોકલી, દ્રવ્ય સંબંધી પૂરતી મદદ આપવી ઘટે છે. આ કેસ કાંઇ સામાન્ય નથી, આવી કનિષ્ટ બુક જૈન ધર્મના સંબંધમાં જો કોઇ પણ લખાયેલ કે છપાયેલ હોય તો આ પહેલીજ છે. આ બુકનું કોઇ પણ પૃષ્ટ કે પારીગ્રાફ વાંચતા જૈન ધર્મ તરફ અંશે પણ લાગણી ધરાવનારના રુવાંટા ઉભા રઇ તેમાં લાહ્ય લાગે તેમ છે. આ બુકના પ્રસિદ્ધ કર્તાને યોગ્ય શિક્ષાએ પહોંચાડવાની દરેક જૈનબંધુની સ્વશક્તિ અનુસાર સરખી ફરજ છે. મુનિમહારાજાઓએ પણ આ બાબતમાં કિંચિત્ પણ ઉપેક્ષા ધરાવવા જેવું નથી, દ્રવ્યવાનોએ આ વખત કંજુસાઇ કરવા જેવું નથી અને વિદ્વાનોએ જરા પણ પાછી પાની કરવા જેવું નથી.

આ બાબતમાં જો જૈન બંધુઓ છતી શક્તિએ કાંઇપણ પ્રમાદ કરશે તો તે સ્પષ્ટપણે વીર્યાંતરાયનો બંધ કરશે એટલુંજ નહીં પણ પોતાના સમ્યક્તને મલીન કરશે એમ અમારૂ માનવું છે. હાલ આ સંબંધમાં વિશેષ લખવાની જરૂર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રીજી જૈન કોન્ફરન્સની વડોદરા ખાતે ચાલી રહેલી તૈયારી.

વડોદરા એક દેશી રાજ્ય છે અને ત્યાંના રાજકર્તા **મહારાજા શયાજીરાવ ગાયકવાડ** વિદ્યાવિલાસી હોઇ તે આવા મેળાવડાઓને અંતઃકરણથી ચહાનારા છે. વડોદરાની જૈન કોમ્યુનીટીના આગેવાન **ઝવેરી ફતેભાઇ અમીચંદ** તથા **વૈદ હીરાભાઇ દલપતભાઇ** વિગેરે એ તા. ૨૯-૫-૧૯૦૪ના રોજ એક અરજી શ્રીમંત સરકારને કોન્ફરન્સના મેળાવડા સંબંધી અનેક પ્રકારના સાધનો મળવા માટે અને કેટલીક અનુકૂળતા કરી આપવા માટે આપેલી, તેનો ઉત્તર શ્રીમંત સરકારની દીવાન ઓફીસ તરફથી તા. ૧૭-૬-૧૯૦૪ના રોજ ઘણો સંતોષકારક મળ્યો છે. આ અરજી અને જવાબ મુંબઇ સમાચાર વિગેરેમાં સવિસ્તર પ્રગટ થયેલ હોવાથી અમે અહીં આપેલ નથી.

ઉપરની હકીકત ઉપરથી વડોદરા ખાતે આપણી કોન્ફરન્સનો મેળાવડો તો ઘણો સંતોષકારક થશે એવી ખાત્રી થાય છે. હવે તે મેળાવડામાં કાર્ય ઉંચા પ્રકારના થાય અને તેનો અમલ બહુ સારી રીતે થાય તે જોવાની જીજ્ઞાસા રહે છે, તે સાથે આપણા જનરલ સેક્રેટરી સાહેબો પોતાની તરફનો વાર્ષિક રીપોર્ટ પણ બહુ સંતોષકારક રજુ કરી શકે એમ થયેલું જોવાની ઇચ્છા રહ્યા કરે છે. હજુ આપણને મળવાને પાંચ છ માસનો વિલંબ છે, તેટલા વખતમાં અંતઃકરણથી કર્ત્તવ્યપણે ધારશે તો આપણા માનવંતા જનરલ સેક્રેટરીઓ બહુ સારૂં ફળ બતાવી જૈન સમુદાયના ચિત્તને સંતોષ પમાડી શકશે એમ અમારૂં માનવું છે. આશા છે કે તેઓ આ બીના પોતાના બુલંદ લક્ષમાં લેશે અને પોતાની ફરજ બજાવવા તન મન ધનથી તત્પર થશે.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઘટાડેલી કિંમત.

## નીચે જણાવેલી બુકોની કિંમત ઘટાડવામાં આવી છે.

૧ શ્રી ઉપદેશ પ્રાસાદ સ્તંભ ૫ થી ૯ નું ભાષાંતર. (ભાગ ૨ જો) રૂ. ૨) નો રૂ. ૧ાા

૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ માનું ભાષાંતર. વિભાગ ૭ મો. રૂ. ૧ાા નો રૂ. ૧ાા

૩ શ્રી પાંચ પ્રતિક્રમણ સુત્ર નવ સ્મરણાદિ મૂળ. હાલમાં અમારી તરફથી નવો છપાવી પાકી બાંધવામાં આવી છે. પરચુરણ ગ્રાહક માટે તેની કિંમત રૂ. ૦—૮—૦ હતા તેના રૂ ૦—૬—૦ જૈનશાળામાં તથા ઇનામ માટે રૂ. ૦—૬—૦ હતા તના રૂ ૦—૫—૦

---

## નવી બુકોની જાહેર ખબર.

અમારી તરફથી પ્રસિદ્ધ થયેલા વેચાણ બુકના લીસ્ટ તથા તેના વધારા ઉપરાંત નીચેની બુકો પણ અમારી ઓફીસમાંથી મળશે.

| | |
|---|---|
| ૧ શ્રી ચંદરાજાના રાસ અર્થ સહિત. | ૨—૮—૦ |
| ૨ શ્રી પ્રમાણનયતત્વાલોકાલંકાર ગ્રંથ મૂળ શ્રી બનારસ જૈન પાઠશાળા તરફથી હાલમાં છપાયેલ છે. | ૦—૭—૦ |
| ૩ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર (છુટા પાના) | ૦—૫—૦ |
| ૪ શ્રી બે પ્રતિક્રમણ સુત્ર ગુજરાતી શીલા છાપની મોટા અક્ષર વાળી અમારા તરફથી છપાવવામા આવી છે. | |
| પરચુરણ ગ્રાહકો માટે. | ૦—૨—૬ |
| જૈનશાળામાં તથા ઇનામ માટે. | ૦—૨—૦ |
| શ્રી રત્નશેખર રત્નવતી કથા. | ૦—૪—૦ |

અમારી પ્રથમ છપાવેલી બુકોમાંથી થોડી થોડી બુકો નીચે જણાવેલી જાતની આવી છે તે વેચવાની છે.

| | |
|---|---|
| શ્રી ઉપમિતિ ભવપ્રપંચ ભાષાંતર | ૧—૦—૦ |
| શ્રી ચંદશેખરનો રાસ. | ૧—૦—૦ |
| શ્રી ઢુંઢક હિતશિક્ષા ( ગપ્પદિપિકા સમીર ) | ૦—૮—૦ |
| શ્રી શુદ્ધ સિદ્ધાંત સમાચારી. | ૦—૮—૦ |
| શ્રી પૂર્વદેશ તીર્થ સ્તવનાવળી ( પાકા પુંઠાની ) | ૦—૫—૦ |
| શ્રી સમકિત વિષે નિબંધ. ( હિંદુસ્થાનીમાં ) | ૦—૬—૦ |
| શ્રી ચરિતાવળી ભાગ ૧ લો. | ૧—૪—૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ૧૩ મુનિ વૃદ્ધિચંદજી ચરિત્ર. | ૦—૪—૦ |
| ૧૪ શ્રી કેશરીઆજી તીર્થનો વૃત્તાંત. | ૦—૨—૦ |
| ૧૫ શ્રી પાર્શ્વનાથનો વિવાહલો. | ૦—૨—૦ |

## સભાના નવા મેમ્બરો.

( પ્રથમ થયા છતાં નામ બહાર પાડેલ નહીં તે મુવાં )

### લાઇફ મેમ્બર.

| | |
|---|---|
| શા. અમરચંદ ઘેલાભાઇ | ભાવનગર |
| શા. મોતીચંદ ઓધવજી | ” |

### પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર.

૩ શા. સાકેરચંદ માણેકચંદ ઘડીઆળી મુંબાઇ
૪ શા. વાડીલાલ પુનમચંદ શ્રી શંખેશ્વર લાલ મુંબાઇ

### જૈનધર્મ પ્રકાશના કાયમી ગ્રાહક.

૧ સંઘવી નેણશીભાઇ ફુલચંદ લખતર રૂ૨૦) આવ્યા છે.

## શ્રી પાલીતાણામાં ભાટ લોકોનો જુલમ.

અશાડ શુદ ૩ શુક્રવારની સાંજે શ્રી પાલીતાણા માંહેના શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરમાં થાળ આપી મુકવાનું કહેતાં એકદમ ભાટ લોકોએ કારખાનાના નોકરોની ઉપર હુમલો કરી પોતાના સાથીત બીજા સંખ્યાબંધ ભાટો ( સ્ત્રી પુરૂષો ) ને લાકડાઓ સાથે બોલાવી તોફાન મચાવી મુક્યું હતું. કારખાનાના કેટલાક નોકર શીપાઇ વિગેરેને પુષ્કળ વાગ્યું છે. આ બાબત યાત્રાળુ વર્ગે ખાસ ધ્યાન આપવાની આવશ્યકતા છે કારણકે ભાટલોકો દિન પરદિન વધારે અમર્યાદ થતા જાય છે કારખાનાનું બહુ માન બીલકુલ જાળવતા નથી, આશાતનાએ અનેક પ્રકારની નિશંક કર્યા જાય છે. આપણાથીજ પુષ્ટ થયા તેનો આપણી સામેજ ઉપયોગ કરે છે. આ બાબતમાં જ્યાંસુધી તેઓ પોતાની ચાલ પૂરેપૂરી સુધારે નહીં ત્યાંસુધીને માટે તેની બાબતમાં સખ્ત પગલાં ભરવાની જરૂર છે. આવકના રસ્તાએ બંધ થયા શિવાય તેઓની આંખ ઉઘડવાની નથી. આ બાબતના ખબર આવતા ભાવનગરના સંઘે એ બાબતમાં સખ્ત ઠરાવ કર્યો છે. બીજા શેહેરના સંઘોએ પણ એ બાબત ધ્યાન પર લઇ તાત્કાળીક ઠરાવો કરવાની જરૂર છે. આ બાબતના ખબર અમારી તરફ મોકલાવશે તો તે અમે પ્રગટ કરશું.

For Private And Personal Use Only